આજની પ્રાર્થના....

પરમકૃપાળુ !
દીનદયાળુ, જીવનનાં
આધાર વંદુ, સચરાચર,
જગદીશ્વર, ઘટઘટમાં
વસનાર વંદુ..

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૯૮ | ૧૮ જુન, ૨૦૨૧, શુક્રવાર; જયેષ્ઠ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્રમાં કોરોના ફરી માથું ઊંચકે એવી વકી

**આગામી બેથી ત્રણ સપ્તાહમાં મહારાષ્ટ્ર અને મુંબઈમાં કોરોના ફરી માથું ઉંચકી શકે છે : મહારાષ્ટ્રની કોવિડ ટાસ્ક ફોર્સે ચેતવણી આપી : મહારાષ્ટ્ર રાજ્યમાં લોકડાઉન ખૂલ્યા બાદ ભીડભાડ જોવા મળી રહી છે, ત્રીજી લહેરમાં બીજી લહેર કરતાં કોરોના કેસોની સંખ્યા ડબલ રહેવાની શક્યતા**



મુંબઈ, તા. ૧૭

કોરોનાની બીજી લહેરમાંથી આખોય દેશ માંડ બેઠો થઈ રહ્યો છે, ત્યારે તેનાથી સૌથી વધુ પ્રભાવિત એવા મહારાષ્ટ્રની કોવિડ ટાસ્ટ ફોર્સે ચિંતા ઉપજાવે તેવી ચેતવણી આપી છે. રાજયની કોવિડ ટાસ્ક ફોર્સનું માનવું છે કે, જે રીતે રાજ્યમાં લોકડાઉન ખૂલ્યા બાદ ભીડભાડ જોવા મળી રહી છે, તેને જોતાં આગામી બેથી ત્રણ સપ્તાહમાં મહારાષ્ટ્ર અને મુંબઈમાં કોરોના ફરી માથું ઉંચકી શકે છે.

ટાસ્ક ફોર્સે એમ પણ જણાવ્યું છે કે, સંભવિત ત્રીજી લહેરમાં જેટલી અસર અત્યારસુધી વાયરસના ચેપથી બચીને રહેલા નીચલા મધ્યમવર્ગને જેટલી થશે તેટલી કદાચ બાળકોને નહીં થાય. રાજ્યમાં ત્રીજી લહેરના ખતરાને પહોંચી વળવા માટે સરકાર દ્વારા કરાઈ રહેલી તૈયારીના ભાગરુપે ટાસ્કફોર્સ સાથે સીએમની નિયમિત મિટિંગ થાય છે. બુધવારે થયેલી આ મિટિંગમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

મિટિંગમાં જે ડેટા રજૂ કરવામાં આવ્યો હતો તે અનુસાર, ત્રીજી લહેરમાં બીજા વેવ કરતાં કેસોની સંખ્યા ડબલ રહેવાની શક્યતા છે. આ ગાળામાં એક્ટિવ કેસનો આંકડો પણ વધીને ૮ લાખ સુધી પહોંચી શકે તેવો અંદાજ વ્યક્ત કરાયો હતો. (મહારાષ્ટ્રમાં બુધવાર સાંજ સુધીના આંકડા અનુસાર, ૧.૪ લાખ એક્ટિવ કેસ હતા.) મિટિંગમાં એક્સપર્ટ્સ દ્વારા એવું પણ જણાવાયું હતું કે સેકન્ડ વેવમાં રાજ્યમાં ૧૯ લાખ કેસ નોંધાયા હતા, જે ત્રીજી વેવમાં ૪૦ લાખની આસપાસ રહી શકે છે. જેમાંથી બાળ દર્દીઓનું પ્રમાણ ૧૦ ટકાની આસપાસ રહેવાની શક્યતા છે.

ટાસ્ક ફોર્સના મેમ્બર ડૉ. શશાંક જોષીના જણાવ્યા અનુસાર,

● અનુસંધાન પાન-૭ પર

## બાળકો માટે રસીની જુલાઈમાં ક્લિનિકલ ટ્રાયલની યોજના

**નોવાવૈક્સે દાવો કર્યો કે, ત્રીજા તબક્કાની ટ્રાયલમાં વેક્સિન સમગ્ર રૂપથી ૯૦.૪ ટકા અસરકારક સાબિત થઈ છે**

નવી દિલ્હી, તા. ૧૭

સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાએ જુલાઈમાં બાળકો માટે નોવાવૈક્સ વેક્સિનની ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરવાની યોજના બનાવી છે. આ જાણકારી સૂત્રોના હવાલાથી મળી છે. આ પહેલા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયની પત્રકાર પરિષદમાં નોવૈવાક્સ રસીના સંદર્ભમાં નીતિ આયોગના સભ્ય વીકે પોલે કહ્યુ હતુ કે નોવાવૈક્સ વેક્સિનના પ્રભાવ સંબંધી આંકડા ઉત્સાહનજક છે. નોવાવૈક્સના જાહેર રૂપથી ઉપલબ્ધ આંકડા પણ તે સંકેત આપે છે કે તે સુરક્ષિત અને વધુ અસરકારક છે. તેમણે કહ્યું કે, આજે ભારત માટે આ રસીની પ્રાસંગિકતા એ છે કે તેનું ઉત્પાદન સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા કરશે. તેમણે આશા વ્યક્ત કરી કે સીરમ તેની બાળકો પર પણ ટ્રાયલ શરૂ કરશે.

અમેરિકન બાયોટેકનોલોજી કંપની નોવાવૈક્સે સોમવારે દાવો કર્યો કે, ત્રીજા તબક્કાની ટ્રાયલમાં તેની કોરોના વિરોધી વેક્સિન સમગ્ર રૂપથી ૯૦.૪ ટકા અસરકારક સાબિત થઈ છે. કંપનીએ તે પણ કહ્યું કે સંક્રમણના મધ્યમ અને ગંભીર લક્ષણો વિરુદ્ધ તે સો ટકા સુરક્ષા પ્રદાન કરે છે. કંપનીએ કહ્યું કે, ત્રીજા તબક્કાની ટ્રાયલ અમેરિકા અને મેક્સિકોના ૧૧૯ કેન્દ્રો પર ૨૯૯૬૦ લોકો પર કરવામાં આવી. અંતિમ તબક્કામાં વેક્સિનના પ્રભાવ, સુરક્ષા અને રક્ષણનું આકલન કરવામાં આવ્યું.

કંપની પ્રમાણે કોરોનાના વિભિન્ન વેરિએન્ટ વિરુદ્ધ પણ વેક્સિન અસરકારક છે. નોવાવૈક્સના પ્રેસિડેન્ટ અને સીઈઓ સ્ટૈનલી સી. અર્કે કહ્યુ કે, કંપનીની એનવીએક્સ-સીઓવી૨૩૭૩ અત્યંત અસરકારક છે અને મધ્યમ તથા ગંભીર સંક્રમણ વિરુદ્ધ સંપૂર્ણ સુરક્ષા પ્રદાન કરે છે.

## ભારતમાં ગુગલ ૮૦ ઓક્સિજન પ્લાન્ટની સ્થાપના કરશે

નવી દિલ્હી, તા. ૧૭

કોરોનાની બીજી લહેરના પ્રકોપ સામે ભારતની આરોગ્ય સેવા નબળી સાબિત થઈ ચૂકી છે. આ દરમિયાન ઓક્સિજનથી માંડી દવા, સારવારમાં જરુરી ઉપકરણોની અછત, અહીં સુધી કે હોસ્પિટલ્સમાં બેડની અછત જેવા સંકટો સામે આખો દેશ ત્રાહિમામ પોકારી ઉઠ્યો હતો. કોરોનાની સારવારમાં જરુરી ઓક્સિજનની ભારે અછતને લીધે દેશમાં મૃત્યુઆંક પણ વધ્યો હતો.

જોકે હવે પછી ઓક્સિજનની અછત કે અન્ય સ્થિતિ પેદા ન થાય એ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. જેમાં ગુગલએ ભારતને મદદ કરવાનો નિર્ણય લીધો છે. ગુગલએ અંગે જાહેરાત કરી છે કે, તેની અન્ય એક શાખા ગુગલ.ઓઆરજી અલગ-અલગ સંસ્થાઓ સાથે મળીને ભારતમાં ૮૦ ઓક્સિજન પ્લાન્ટ્સની સ્થાપના કરશે.

## નેપાળમાં વાદળ ફાટતા જળપ્રલય

કાઠમાંડૂ,તા.૧૭

નેપાળમાં વાદળ ફાટવાને પગલે, જળ પ્રલયની સ્થિતિ સર્જાઈ છે. વાદળ ફાટતા પડેલા અતિભારે વરસાદથી, ઘસમસતા છે. સિંધુપાલ ચોકમાં આવેલા પૂરના કારણે ઘણા લોકોના ઘરમાં પાણી ભરાઈ ગયા છે.

મીડિયા રીપોર્ટ અનુસાર, વાદળ ફાટવાના કારણે આવેલા


### 3 ભારતીય સહીત ૨૩ લાપત્તા

પૂરમાં ૩ ભારતીય સહીત કુલ ૨૩ વ્યક્તિઓ તણાઈ ગયા છે. સ્થાનિકોને નજીકની સરકારી શાળામાં સ્થળાંતર કરવામાં આવ્યા પૂરથી, ત્રણ ભારતીય સહિત કુલ ૨૩ લોકો ગુમ થયા છે. ગુમ થયેલા લોકોમાં ચીનના નાગરિકોનો પણ

● અનુસંધાન પાન-૭ પર




સ્મરણાંજલિ



મેજર વિનોદ જોષી

जातस्य हि ध्रुवो मृत्यु - र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
२-२७ भागवत गीता

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે.
તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
૨-૨૭ ભાગવત ગીતા

આજે
આપની દસમી પુણ્યતિથિએ...
આપના પુણ્ય આત્માને શત્ શત્ પ્રમાણ

પ્રજ્ઞાબેન વિનોદચંદ્ર જોષી
પ્રિતેશ વિનોદચંદ્ર જોષી | નિકિતા પ્રિતેશ જોષી
વિરલ વિનોદચંદ્ર જોષી | હેમા વિરલ જોષી
ઈશાની નિશીત વ્યાસ | નિશીત જદુરાય વ્યાસ
તથા સમગ્ર પરિવાર



દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ
ભાવભીની અંજલિ



સ્વ. જ્યોતિન્દ્ર વ્યાસ
જન્મ તારીખ : ૩/૧૨/૧૯૫૧ ● સ્વર્ગવાસ તારીખ : ૧૮/૬/૨૦૧૯

દીર્ઘદ્રષ્ટિ અને કઠોર પરિશ્રમ સાથે અખૂટ શ્રદ્ધા રાખીને
અસીમ સફળતાના માર્ગે સૌને સાથે રાખીને ચાલ્યા...
દ્વિતિય પૂણ્યતિથિએ અમારા વંદન...

મયૂરી જ્યોતિન્દ્ર વ્યાસ
કુણાલ જ્યોતિન્દ્ર વ્યાસ | પૂર્વી કુણાલ વ્યાસ
શર્વી ● ધારક
સમગ્ર વ્યાસ પરિવાર

પૂજા પાર્લર પરિવાર, સેક્ટર-૨૧, ગાંધીનગર